Vશાલ SUPER MARKET

અપના બજાર બિલ્ડીંગ, સેક્ટર-૬/એ, ગાંધીનગર Mo. 98242 77883

૫-૮ શિવાલય રેસીડેન્સી, કુડાસણ, ગાંધીનગર Mo. 9376277883

આઈટમનું નામ	ભાવ રૂ.
અમૂલ-સાગર-મધુર-પતંજલી - ગોવર્ધન ઘી - ૧ લીટર	રૂ. ૨૫ Off
મધુર ખાંડ ૫ કિલો	રૂ. ૨૧૨/-
સર્ફ એક્સલ / એરીયલ મેટ્રીક ૨ કિલો -	રૂ. ૧૦૦ Off
રામદેવ - મરચુ - પાવડર ૧ કિલો,	રૂ. ૩૦ Off
બધા જ શેમ્પુ - ૬૦૦ ML +	રૂ. ૧૫૦ Off
વાઘબકરી ચા - ટાટા અગ્નિ ચા (૧ કિલો.)	રૂ. ૨૫ Off
બધા જ કમ્ફર્ટ વોશ-૮૬૦ મીલી, કોલગેટ-૨૦૦+૧૦૦ ગ્રા.	રૂ. ૧૫ Off
સર્ફ એક્લેસ / એરીયલ મેટ્રીક ૪+૨ કિ.	રૂ. ૧૫૦ Off
સર્ફ એક્સેલ ઈઝી વોશ પાવડર ૪ કિલો.	રૂ. ૧૦૦ Off
હાર્પીક - ૧ લીટર	રૂ. ૧૮ Off
અંગુર તુવેરદાળ ૫ કિ. પેક	રૂ. ૫૯૫/-
આશીર્વાદ આટા ૫ કિલો	રૂ. ૧૭૨/-
એવરેસ્ટ મસાલા/લીજ્જત પાપડ/તલોદ ઈન્ટન્ટ/ગીટ્સ ઉત્તમ ઈન્ટન્ટ/રામદેવ ઈન્ટન્ટ/શ્રીગણેશ ઈન્ટન્ટ હલ્દીરામ/બાલાજી/રીચલ/રાધે/લક્ષ્મી નમકીન ગાય બેસન/ઉત્તમ સોજી /મેંદો (૧ કિલો) સ્ટ્રેક્સ/રેવલોન હેર કલર	૧૦% Off
બિયર સેમ્પુ / કિચન એક્સપ્રેસ હિંગ/મસાલા/અથાણા	૨૫% Off
યશ / તલોદ / હર્ષ - મઠીયા / ચોળાફળી ૫૦૦ ગ્રામ	રૂ. ૧૦૮/-
ધરતી ચાટપુરી ૨૦૦ ગ્રામ (એમઆરપી-૪૦)	રૂ. ૨૩/-
ગુજરાત વન નિગમ - મધ ૧ કિલો	રૂ. ૩૩ Off
ફોરચ્યુન સન ફ્લાવર ઓઈલ ૧૫ લિટર ટીન	રૂ. ૧૮૧૦/-
કિસાન સોસ ડીપ ૧ કિલો	રૂ. ૯૦/-
અમૂલ બટર ૫૦૦ ગ્રામ/અમૂલ શ્રીખંડ ૧ કિ.	રૂ. ૧૫ Off
બાદશાહ/રામદેવ મસાલા	૧૫% Off
અમૂલ ગોલ્ડ મિલ્ક ૫૦૦ મી.લી. (એમઆરપી-૨૮)	રૂ. ૨૭/-
પોન્ડ્સ બોડી લોશન ૩૦૦ મી.લી.	રૂ. ૭૦ Off
પેરાશુટ કોકોનટ ઓઈલ ૧ લીટર	રૂ. ૫૦ Off
મારૂતિ મકાઈ પોવા ૫૦૦ ગ્રામ (એમઆરપી-૪૦)	રૂ. ૨૫/-
કલશ / કૃષ્ણ ખાખરા ૧ કિલો	રૂ. ૧૦૦/-
પારલે નમકીન / એલ્યુમિનિયમ ફોઈલ (૨૯ ગ્રામ) ડ્યુક્સ / પીકવીક વેફર બિસ્કીટ / કેવ સોન પાપડી ડીસાનો ઓલીવ ઓઈલ/ગુડહોમ સ્કબર	૫૦% Off

રૂ. ૧૫૦૦ની ખરીદી ઉપર ૧ વિશાલ શોપીંગ બેગ ફ્રી (તેલ-ઘી સિવાય)

નોંધ : તમામ ઓફર સ્ટોક હશે ત્યાં સુધી જ ઉપલબ્ધ / સ્કીમ ફેરફાર કંપનીને આધીન

સી-પ્લેનનું આગમન - અમદાવાદ રીવરફ્રન્ટ ખાતે દેશની સૌપ્રથમ સી-પ્લેન સેવાનું આગમન થતાં નાગરિકોએ હર્ષોલ્લાસ સાથે આવકારી હતી... પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કેવડિયાથી અમદાવાદ રીવરફ્રન્ટ સી-પ્લેન સેવાના પ્રારંભે અમદાવાદ આવી પહોંચ્યા હતા... રીવરફ્રન્ટ પર ઉપસ્થિત નાગરિકોનું પ્રધાનમંત્રીએ અભિવાદન જીલ્યું હતું... ત્યારબાદ રીવરફ્રન્ટ ખાતેના સી-પ્લેન સ્ટેશનનું ઉદ્ઘાટન પ્રધાનમંત્રીના હસ્તે કરાયું હતું.

શહેરના કોર્મશિયલ કોમ્પલેક્ષ પાસે આડેધડ વાહનોનો ખડકલો

માત્ર દંડ વસુલીથી સ્માર્ટ સીટી બની નહીં જાય : પર્યાપ્ત પાર્કીંગ વ્યવસ્થા પણ ઉભી કરવી પડશે : નાગરિકોમાં રોષ

ગાંધીનગર તા ૩૧

શહેરમાં છેલ્લા દોઢ દાયકા દરમિયાન વાહનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. શહેરના મુખ્યમાર્ગો પર હવે ટ્રાફિક સિગ્નલ પણ અનિવાર્ય હોવાનો અહેસાસ નાગરિકોને થઇ રહ્યો છે. જયારે મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક માર્ગો પર ટ્રાફિકનો સિનારીયો પણ બદલાયો છે. બીજીતરફ વાહનોની સંખ્યા વધતા નગરના પાર્કીંગ પ્લેસ પર મોટી સમસ્યા સર્જાઇ છે. શહેરમાં એકબાજુ રોડ નેટવર્ક અપગ્રેડ કરવામાં આવી રહ્યુ છે. જયારે માર્ગો પર ટ્રાફિકને અનુલક્ષી રોડ સેફટીના પરિબળો તરફ પણ તંત્રએ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. આવા સંજોગોમાં હજુ ગતિ નિયંત્રણ અને નગરના માર્ગો પર ક્રોસ રસ્તાઓના લીધે વાહન અકસ્માત એક ચિંતાનો વિષય છે. જયારે પાટનગર હોવાના નાતે સેકટરોમાં સ્થિત અનેકવિધ સરકારી કચેરીઓમાં પાર્કીંગની સમસ્યા પણ હજુ યથાવત છે. તો બીજીતરફ શહેરના કોર્મશિયલ કોમ્પલેક્ષો નજીક વાહન પાર્કીંગની વ્યવસ્થાના નામે મીંડુ ચિતરાયેલુ છે. શહેરના સે-૧૧, સે-૧૬ અને સે-૨૧ માં પાર્કીંગની જટીલ સમસ્યા હજુ પણ યથાવત છે. લાંબા સમયગાળાના અંતે પણ પાર્કીંગની વ્યવસ્થા યોગ્ય કરવા માટે કોઇ અસરકારક પગલા લેવાયા નથી. ફુટપાથ સહીત પાર્કીંગ પ્લેસ પર દબાણો ગોઠવાઇ ગયા છે. જયારે આ દબાણો દુર કરવા માટે પણ કાયમી વ્યવસ્થા થતી નથી બીજીતરફ શોપિંગ સેન્ટરને અનુલક્ષી પાર્કીંગ માટે પર્યાપ્ત જગ્યા પણ ખુલ્લી મુકવામાં આવી નથી. જેના લીધે નાગરિકો પણ પરેશાન છે. એકબાજુ નો પાર્કીંગ ઝોનને અનુલક્ષી ગમે ત્યારે પોલીસ દ્વારા તગડો દંડ પણ વસુલી લેવામાં આવે છે. ત્યારે પાર્કીંગ માટે જગ્યા ન મળતા વાહનચાલકોએ મુંઝવણમાં મુકાવાનો વારો આવે છે. નગરની આર ટી ઓ કચેરી તેનુ ઉત્તમ ઉદાહરણ છે. ટ્રાફિક નિયમનના પાલન માટે સજ્જ રહેતી આર ટી ઓ કચેરીના આંગણે જ નિયમોનુ ઉલ્લંઘન થાય છે. જેના લીધે ગ માર્ગ પર વચાળે જ વાહનો ખડકી દેવાય છે. શહેરના કોર્મશિયલ કોમ્પલેક્ષો નજીક પણ સાંકડા સર્વિસ રોડ પર વાહનોની કતાર જોવા મળે છે. સ્માર્ટ સીટી બનવા આગળ વધતા શહેરમાં કરોડોના પ્રોજેકટોનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે.

હવે, પંચાયત ઘરની છત પર સોલાર પેનલો ફીટ કરી ઊર્જા ઉત્પન્ન કરાશે

ગાંધીનગર, તા. ૩૧

જિલ્લામાં દરેક ગ્રામ પંચાયત ઘરના ધાબે હવે સોલાર પેનલ ફીટ કરી અને સોલાર ઊર્જાનું ઉત્પાદન શરૂ કરાશે.

તાજેતરમાં ઈ.ગ્રામ વિશ્વગ્રામની મળેલ બેઠકમાં આ અંગે રાજયકક્ષાએ તેના અમલીકરણનો નિર્ણય લેવામાં આવ્યો હતો. રૂફટોપ પોલીસી અંતર્ગત આ પેનલો ફીટ કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે જેડા દ્વારા આ અંગે એજન્સીઓની એપ.પેનલ બનાવવાની કામગીરી હાલ ચાલી રહી છે. આ કાર્યવાહી પૂર્ણ થયા બાદ આ દિશામાં નક્કર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રાજયમાં વીજમાંગ સતત વધી રહી છે આ વીજમાંગને પહોંચી વળવા સોલાર ઊર્જાના વિકલ્પને વધુમાં વધુ લોકપ્રિય બનાવવા અને તેનાથી થતા ફાયદાઓ વિશે જનજાગૃતિ ઉભી થાય તેમજ વીજ માંગમાં પણ સોલાર ઊર્જાથી રાહત ઉભી થાય તે દિશામાં આગળ વધવાની વ્યુહરચના સરકારે તૈયાર કરી છે.

હવે ગ્રામીણ વિસ્તારમાં પણ ઓનલાઈન સેવાઓનો વ્યાપ વધારવા માટે મહત્વનું કદમ આ પુરવાર થશે. હાલ વી.ઈ.સી. દ્વારા જુદી જુદી સેવાઓ આપવામાં આવી રહી છે ત્યારે અનિયમિત વીજ પુરવઠામાં નિયમિતતા સાથે આ સેવાઓનું સઘનીકરણ કરવામાં આવશે તેમ સોસાયટીના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

સેકટર-૩૩માં આખલાઓનો આતંક બાળકોમાં નાસભાગ : ત્રણ કારને નુકશાન

સ્માર્ટ સીટીના પ્રોજેક્ટ અંતર્ગત શહેરને સોહામણુ બનાવવા માટે તોતિંગ ખર્ચ : સેકટરોમાં રોજબરોજ બિહામણાં દ્રશ્યોથી રહીશો આગબબુલા : ઘર આંગણે જ અસલામતી અનુભવતા રહીશોમાં ભય : રખડતા ઢોરની સમસ્યાને ડામવા કોર્પોરેશનનુ તંત્ર નિષ્ફળ

ગાંધીનગર તા ૩૧

શહેરમાં રખડતા ઢોરની સમસ્યા દુર કરવા માટે હજુ સુધી વાતો જ થઇ છે. સ્થાનિકો રખડતા ઢોરને અનુલક્ષી હવે અસલામતીની અનુભવી રહ્યા છે. તોફાને ચઢતા આખલાઓના લીધે નાગરિકોને ઇજા થતી હોવાની સાથે વાહનોને પણ નુકશાન થતુ હોવાના કિસ્સા અનેકવાર ધ્યાને આવે છે. ત્યારે કોર્પોરેશને વેરો ચુકવી ઘર આંગણે જ અસલામતી અનુભવતા નાગરિકો હવે આગ બબુલા બન્યા છે. સે-૩૩ સી માં આજે તોફાને ચઢેલા આખલાએ સેકટરના કોમન પ્લોટમાં પાર્ક થયેલી ત્રણ કારને નુકશાન કર્યુ હતુ. આ દરમિયાન ચોકમાં રમતા બાળકોમાં પણ નાસભાગ મચી ગઇ હતી. સેકટરોમાં રખડતા ઢોરની જોખમી સમસ્યાને ડામવા માટે હજુ સુધી અસરકારક પગલા લેવાતા નથી.

શહેરમાં રખડતા ઢોરની સમસ્યા જટીલ અને જોખમી બનતી જાય છે. રખડતા ઢોરનો પ્રશ્ન દાયકાઓ જુનો છે. કાર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ હવે સ્માર્ટ સીટીના શમણાંઓ વચ્ચે પણ નગરના સેકટરોમાં સતત દુવિધાઓને લઇને ફરિયાદો ઉઠતી રહે છે. ગંદકીની સમસ્યા ડામવા માટે આમ નાગરિકોનો સહયોગ પણ અનિવાર્ય છે. પરંતુ દાયકાઓના અંતે શહેરમાં રખડતા ઢોરનો પ્રશ્ન હજુ હલ થયો નથી. કાર્પોરેશન કક્ષાએથી સેકટરોમાં ફરતા ઢોરને કેદ કરવામાં આવતો હોવાનો દાવો કરવામાં આવે છે. પરંતુ સેકટરોની સોસાયટીમાં પણ રખડતા ઢોરના આતંકના લીધે અનેક નાગરિકો ઘવાતા હોવાની સાથે મોંઘાદાટ વાહનોને પણ નુકશાન થતુ હોવાના કિસ્સાઓ ધ્યાને આવે છે. સે-૩ સી માં આજે આવા જ દ્રશ્યો જોવા મળ્યા હતા સેકટરની ભુદેવ સોસાયટીમાં સવારના સમયે રખડતા

● અનુસંધાન પાન-૭ પર

શહેરની આગવી ઓળખ સમા સર્કલો કંગાળ હાલતમાં : જાળવણી થતી નથી

ગાંધીનગર તા ૨૭

શહેરની આગવી ઓળખ સમા સર્કલો જાળવણીના અભાવે કંગાળ બનવાની દીશામાં છે. સર્કલોની જાળવણીનુ કામ સદંતર વિસરાયુ છે. હાલની સ્થિતિએ શહેરના મુખ્યમાર્ગો પર અંદાજિત ૨૬ જેટલા સર્કલોને વિકસાવાયા છે. જયારે આ સર્કલોને વિવિધ થીમ પર વિકસાવાની જવાબદારી પણ સંસ્થાઓને સોંપવામાં આવી હતી પરંતુ છેલ્લા ઘણાં સમયથી સર્કલોની જાળવણી તરફ ધ્યાન અપાતુ ન હોવાનો આક્રોશ પણ નાગરિકો ઠાલવી રહ્યા છે.

ગાંધીનગરના મુખ્યમાર્ગો પર સ્થિત સર્કલો આકર્ષણ વિહોણાં બન્યા છે. છેલ્લા ઘણાં સમયથી સર્કલોની જાળવણી થતી નથી. સર્કલોની સફાઇ પણ થતી ન

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં ૧૮ કેસ : ૧૮ ને ડિસ્ચાર્જ

શહેરમાં આજે સે. ૭ માંથી ૩, સે. ૧, ૧૩ અને ૨૭ માંથી ૨-૨-૨ કેસ તેમજ જીઈબી, સે. ૨, ૪, ૫, ૨૦, ૨૫, ૨૬, ૩૦, ઈન્દ્રોડામાંથી કેસો મળી આવ્યા

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૮ કેસ મળી આવ્યા છે. શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા આ સાથે વધીને ૧૮૭૧ થઈ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં પણ ૧૨ જેટલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જોકે શહેરમાં રિકવરી રેટ સારો હોવાથી તંત્રને રાહત જરૂર છે. છેલ્લા ત્રણ દિવસમાં ૬૬ દર્દીઓને ડિચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં આજે સે. ૭ માંથી ૩, સે. ૧, ૧૩ અને ૨૭ માંથી ૨-૨-૨ કેસ તેમજ જીઈબી, સે. ૨, ૪, ૫, ૨૦, ૨૫, ૨૬, ૩૦, ઈન્દ્રોડામાંથી કેસો મળી આવ્યા છે.

શહેરમાં હાલ ૧૩૬ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. તંત્ર દ્વારા શહેરમાં કોવિડ-૧૯ના સંક્રમના કેસો જે રીતે વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. સોશિયલ ડિસ્ટન્સીંગ સહિતના નિયમોના અમલીકરણ માટે કડક સૂચનાઓ આપવામાં આવી છે.

આજે શહેરમાં સંક્રમિત થયેલા દર્દીઓની યાદીમાં સાત મહિલાઓ છે. મહિલા દર્દીઓની સંખ્યા વધતાં પણ તંત્ર ચિંતીત બન્યુ છે. આજે પણ મોટી વય ધરાવતા વડીલો વધુ સંક્રમિત થયા છે અને તંત્રએ મોટી વયના વડીલોને અનિવાર્ય ના હોય તો ઘરની બહાર નીકળવાનું ટાળવા વધુ એકવાર અપીલ દોહરાવી છે.

જીઈબી કોલોનીમાં રહેતા અને થર્મલ પાવર સ્ટેશનમાં ફરજો બજાવતા ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧ માંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. સે. ૧ માં જી રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા પણ વધી છે. અમદાવાદ ખાતે એડવોકેટ તરીકે પ્રેક્ટીસ કરતા અને સે. ૧ માં રહેતા ૨૮ વર્ષીય યુવા એડવોકેટનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે યુ.એન. મહેતા હોસ્પિટલમા દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત સે. ૧ માંથી ૬૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૭ માં કોરોના વધુ ને વધુ વકરી રહ્યો છે. આજે આ સેક્ટરમાંથી વધુ ૩ કેસ મળી આવ્યા છે. મહેસુલ વિભાગમાં મીકેનીક તરીકે ફરજો બજાવતી અને સે. ૭ માં રહેતી ૨૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત સે. ૭ માં રહેતા અને કન્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલ ૫૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૭ માંથી જ ૬૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૭ માંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. સે. ૨૭ માં રહેતા અને ખેડા જિલ્લામાં પ્રાથમિક શિક્ષક તરીકે ફરજો બજાવતા ૩૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. શિક્ષકને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૭૩ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં ૧૫ કેસ

૨૦ દર્દીઓ સાજા થતા ડિસ્ચાર્જ અપાયું : ગાંધીનગરમાં ૬, દહેગામમાં ૫, માણસા-કલોલમાં ૨-૨ કેસ : ૨૩૫૩ લોકો કોરોનામુક્ત થયા

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે વધુ ૧૫ કેસ નોંધાયા છે. ગ્રામીણ વિસ્તારમાં વધી રહેલા કેસોને લઈ તંત્રની ચિંતા વધી છે. મોટી વયના દર્દીઓ જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તે તંત્ર માટે પણ ચિંતા વધારનારી વાત બનીને ઉભરી આવી રહી છે. નવા નવા ગ્રામ્ય વિસ્તારોમાંથી કેસો મળી રહ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેથી લોકોમાં હવે કોરોના તેના ત્રીજા સ્ટેજમાં અર્થાત્ કોમ્યુનીટી ટ્રાન્સમિશન શરૂ થયાની શંકા સેવી રહી છે. એન્ટીજન ટેસ્ટના પોઝીટીવ કેસો અંગે તંત્ર ભારે ચૂપકીદી સેવી રહ્યુ છે.

જિલ્લામાં આજે ગાંધીનગરમાં ૬, દહેગામમાં ૫, માણસામાં ૨ અને કલોલમાં ૨ કેસ મળી આવેલ છે. આજે મળી આવેલા ૧૫ કેસમાં પાંચ મહિલાઓ પણ સંક્રમિત દર્દી તરીકે મળી આવી છે. આજે વધુ સાત દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

ગાંધીનગરના ભાટ ગામેથી ૩૮ વર્ષીય ખાનગી નોકરી કરતા પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. રાંદેસણ ગામેથી ૫૩ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ કર્મયોગીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

પેથાપુરમાંથી આજે બે કેસ મળી આવ્યા છે. ૫૫ વર્ષીય શ્રમિક અને ૭૦ વર્ષીય શ્રમિકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ઉનાવા ગામેથી ૫૦ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કર્મયોગીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. પોર ગામેથી ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

દહેગામ તાલુકામાંથી આજે પાંચ કેસ મળતાં તંત્રની ચિંતા વધી છે. આ તમામ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવ્યા છે.

પાલુન્દ્રા ગામેથી ૬૫ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

લવાડ અને રખીયાલ ગામેથી બે વિદ્યાર્થીનીના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. લવાડમાંથી ૨૬ વર્ષીય વિદ્યાર્થીની અને રખીયાલ ગામેથી ૨૦ વર્ષીય વિદ્યાર્થીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે આ બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

નાંદોલ ગામેથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. ૫૫ વર્ષીય પુરૂષ અને ૫૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

માણસા તાલુકામાંથી પણ આજે વધુ બે કેસ મળી આવ્યા છે. ગ્રામભારતી ખાતેથી આ બે કેસ મળી આવ્યા છે. ૮૦ વર્ષીય નિવૃત્ત કર્મયોગી અને ૮૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

કલોલમાં અર્બન-૨ વિસ્તારમાંથી બે કેસ મળી આવ્યા છે. ૫૫ વર્ષીય કર્મયોગીની તેમજ અન્ય ૫૫ વર્ષીય કર્મયોગીનીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં બન્નેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

ભાવભીની અંજલિ

સ્વ. દેવેન્દ્રભાઈ ડુંગાણી

મરણ અહીં છો રહ્યું...
સ્મરણમાં વહે જીંદગી...

સદ્ગતના આત્માને ચિર શાંતિ માટે પરમતત્વને પ્રાર્થના સહ ભાવભીની અંજલિ

લિ.
નરેન્દ્રભાઈ શાહ
(ડીરેક્ટર, ગાંધીનગર નાગરિક કો.ઓ. બેંક)
(પ્રમુખ, સાંઈબાબા સેવા ટ્રસ્ટ, સેક્ટર-૩)

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં

સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ

SURMOUNT HOSPITAL — EMERGENCY 24 HOURS SERVICES

સુવિધાઓ
- આઈ.સી.યુ.ની સુવિધા
- 2D Echo
- અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિક્વન્સી એકસ-રે મશીન
- સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
- એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
- મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા

ઉપલબ્ધ સારવાર

ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન

સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
- દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
- હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન

મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ

પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર ● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી

કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર

ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન

For Appointment : Mo. : 84698 80550

OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.

આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦

કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com